# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-11-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## કેન્દ્રીય મંત્રી મંડળે રેરઅર્થ પરમનેન્ટ મેગ્નેટિકના ઉત્પાદન અને દ્વારકા કાનાલૂસ ડબલીંગ રેલવે લાઇન માટે મંજૂરી આપી

**કેન્દ્રીય મંત્રીમંડળે ગઇકાલે 7 હજાર 280 કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે સિન્ટર્ડ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની યોજનાને મંજૂરી આપી છે. આ પ્રકારની પ્રથમ પહેલનો ઉદ્દેશ્ય દેશમાં વાર્ષિક છ હજાર મેટ્રિક ટન સંકલિત રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટિક ઉત્પાદન સ્થાપિત કરવાનો છે.**

**આ ઉપરાંત લેવાયેલા અન્ય નિર્ણયોમાં 141 કિલોમીટરની દેવભૂમિદ્વારકાના ઓખા અને કાનાલુસ ડબલિંગ રેલવે લાઈન માટે એક હજાર 457 કરોડ રૂપિયાને મંજૂરી અપાઈ છે.**

**આ બંને પરિયોજના મહારાષ્ટ્ર અને રાજ્યના ચાર જિલ્લાને આવરી લેશે અને તેનાથી રેલવેના વર્તમાન જોડાણમાં 224 કિલોમીટરનો વધારો થશે. આ બહુવિધ પરિયોજના 585 જેટલા ગામના જોડાણમાં પણ વધારો કરશે. આ ઉપરાંત મંત્રીમંડળે પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાને પણ મંજૂરી આપી દીધી છે.**

**---------------------------------------------------------------------------------------**

## બંધારણ દિવસની ઉજવણી : રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંધારણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં બંધારણ ગૃહના સેન્ટ્રલ હોલમાં બંધારણની પ્રસ્તાવના વાંચી. આ પ્રસંગે, રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે બંધારણ રાષ્ટ્રીય ઓળખનો પાયો છે અને રાષ્ટ્રને આગળ વધારવા માટે માર્ગદર્શક માળખું છે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ દિવસ નિમિત્તે રાષ્ટ્રને લખેલા પત્રમાં, **1949** માં બંધારણના ઐતિહાસિક સ્વીકારને યાદ કર્યો. રાષ્ટ્રની પ્રગતિમાં બંધારણની કાયમી ભૂમિકાનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ લખ્યું કે **2015** માં, સરકારે આ પવિત્ર દસ્તાવેજના સન્માનમાં **26** નવેમ્બરને બંધારણ દિવસ તરીકે જાહેર કર્યો. પ્રધાનમંત્રીએ નાગરિકોને તેમના કર્તવ્યોને પ્રાથમિકતા આપવા અને મતદાનના અધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂત બનાવવા માટે પણ વિનંતી કરી.

---------------------------------------------------------------------------------------------------

## ગુજરાત વિધાનસભામાં બંધારણ દિવસની ઉજવણી

ગુજરાત વિધાનસભામાં પોડિઅમ ખાતે બંધારણ દિવસ નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને આમુખનું વાંચન કરાયું. રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત ઉપસ્થિત તમામ લોકોએ બંધારણના આમુખનું સામૂહિક વાંચન કર્યું.

---------------------------------------------------------------------------------------------------

## કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદની પસંદગી

૨૦૩૦માં ૧૦૦મી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૦ માં નવી દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સ પછી આ ભારતની બીજી કોમનવેલ્થ ગેમ્સ હશે.

ગ્લાસગોમાં જનરલ એસેમ્બલીમાં ૭૪ કોમનવેલ્થ દેશોના પ્રતિનિધિઓ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. અમદાવાદનું વિઝન ગ્લાસગો ૨૦૨૬ની ગતિ પર આધારિત છે અને ભારતની સાંસ્કૃતિક અને રમતગમતની શક્તિઓનું પ્રદર્શન કરે છે.

કોમનવેલ્થ સ્પોર્ટે જણાવ્યું છે કે ૨૦૩૦ ની આવૃત્તિમાં ૧૫ થી ૧૭ રમતો હશે, જેનો સંપૂર્ણ કાર્યક્રમ આવતા વર્ષે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ રમતોનો ઉદ્દેશ્ય કોમનવેલ્થ રમતગમત પરંપરાની સદીની ઉજવણી કરતી વખતે રમતવીરો અને સમુદાયોને એક કરવાનો છે.

---

## જિલ્લામાં SIR ની કામગીરીનો ધમધમાટ

મતદારયાદીને શુદ્ધ અને પૂર્ણ ક્ષતિરહિત બનાવવા માટે કેન્દ્રીય ચૂંટણીપંચના આદેશ અંતર્ગત કચ્છમાં ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધી **64.62** ટકા કામગીરી સંપન્ન કરી લેવામાં આવી છે, તો મૃત્યુ પામેલા કે પછી કાયમી સ્થળાંતર થઈ ગયેલા મતદારો શોધવા માટે વિશેષ કવાયત હાથ ધરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બારહટે વિગતો આપતાં જણાવ્યું કે, કચ્છમાં છ વિધાનસભા ક્ષેત્રના **1848** બૂથમાં સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝનની આ કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત **16** લાખ **90** હજાર **584** મતદારને આવરી લઈ બૂથ લેવલ ઓફિસર દ્વારા તમામને એન્યમુરેશન ફોર્મ આપવામાં આવ્યાં હતાં. અત્યાર સુધી **10** લાખ **92** હજાર **456** ફોર્મ ભરીને પરત આવતાં તેની માહિતી ડિજિટલાઇઝ્ડ પણ કરી લેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરની કામગીરી અંતર્ગત એન્યુમરેશન ફોર્મ ભરી પરત કરવાની અંતિમ તારીખ **4** ડિસેમ્બર છે. નિર્ધારીત અવધી સુધી ફોર્મ ભરીને પરત આપવા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

---

## આદ્ય કવિ નરસિંહ મહેતાની 570 હારમાળા જયંતીની ઉજવણી

આદ્ય કવિ નરસિહ મહેતાની આજે **570** મી હારમાળા જયંતિની ઉજવણી થઈ રહી છે. લોકકથા અનુસાર ભક્ત કવિ નરસિંહ મહેતાની ભક્તિની કસોટી કરવા જુનાગઢના રાજવી રામાન્ડલિકે તેમને જેલમાં કેદ કર્યા હતા ત્યારે ખુદ ભગવાન શ્રી કૃષ્ણે તેમના ગળામાં હાર પહેરાવી નરસિંહ મહેતાની ભક્તિ નિષ્કલંક હોવાનું પ્રમાણ આપ્યું હતું. આજે નરસિંહ મહેતા હારમાળા જયંતિ નિમિતે ભુજમાં રાવલવાડી રિલોકેશન સાઇટમાં નરસિંહ મહેતા નગરમાં

સ્થાપિત ભક્ત કવિની પ્રતિમાને ભુજ નગરપાલિકા અને અન્ય સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાશે. સાંજના ભાગમાં હાટકેશ્વર મંદિર ખાતે નાગર સમાજ દ્વારા મહાઆરતી અને નરસિંહના પદોનો કાર્યક્રમ યોજાશે.

----------------------------------------------------------------------------------------------